# લઘુમતી પેટા ક્વોટાના હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારાશે

## સરકાર અન્ય પછાત જાતિઓમાં સૌથી પછાત જાતિ માટે પેટા ક્વોટાની રચના કરવા કટિબદ્ધ છે

દિલ્હી,તા. ૨૯

લઘુમતી પેટા ક્વોટાની રચના કરવાની તેની દરખાસ્તને ફગાવી દેવાના આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના આદેશને પડકાર ફેકવાની આજે કેન્દ્ર સરકારે જાહેરાત કરી હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય કાયદા પ્રધાન સલમાન ખુર્શીદે કહ્યુ હતુ કે લઘુમતી પેટા ક્વોટા અંગે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના ચુકાદાથી કેન્દ્ર સરકારને કોઈ ફટકો પડ્યો નથી. અમે સુપ્રીમ કોર્ટમાં આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેકવાનો નિર્ણય કર્યો છે. ઓબીસી (અન્ય પછાત જાતી)માટે ૨૭ ટકા અનામત પૈકી ૪.૫ ટકાના પેટા ક્વોટાની રચના કરવાની સરકારની દરખાસ્તને બચાવ કરતા કાયદા મંત્રીએ કહ્યુ હતુ કે કેન્દ્ર સરકરા ટૂંક સમયમાં જ સુપ્રીમ કોર્ટમાં આ સંબંધમાં ખાસ અરજી દાખલ કરશે. ખુરશીદે એમ પણ કહ્યુ હતુ કે ૪.૫ ટકા અનામત ગેર બંધારણીય નથી કારણ કે બંધારણમાં એમ કહેવામા આવ્યુ નથી કે લઘુમતી કેટેગરી હોઈ શકે નહી. તેમણે કહ્યુ હતુ કે પેટા ક્વોટાનો મતલબ કોઈ ખાસ ધાર્મિસ સંગઠન માટે નથી. પરંતુ લઘુમતીઓ માટે છે. ૪.૫ ટકા અનામતથી દેશમાં મોટી સંખ્યામાં પછાતો લોકોને ફાયદો થશે તેમણે ઉમેર્યુ હતુ કે સરકાર અન્ય પછાત જાતીઓમાં સૌથી પછાત જાતિઓ માટે પેટા ક્વોટની રચના કરવા માટે કટિબદ્ધ છે. ધાર્મિક આધાર પર લઘુમતીઓ માટે પેટા ક્વોટાની રચનાની કેન્દ્ર સરકારની હિલચાલને આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે ફગાવી દીધાના એક દિવસ બાદ કેન્દ્રીય કાયદા મંત્રીએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. ચીફ જસ્ટિસ મદન બી લાકુર અને જસ્ટિસ પીવી સંજયકુમારની બનેલી હાઈકોર્ટની ડિવિઝન બેંચે કહ્યુ હતુ કે ધર્મના આધાર પર લઘુમતીઓને અનામત આપવામા કોઈપણ તર્ક નથી. મુસ્લિમો સહિત નોટિફાઈડ થયેલા



લઘુમતી ગ્રુપ માટે ૪.૫ ટકાના પેટા ક્વોટાની રચનાને પડકાર ફેંકીને દાખલ કરવામા આવેલી જાહેર હિતની અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ આદેશ આપવામા આવ્યો હતો. ડિવિઝન બેંચે એમ પણ કહ્યુ હતુ કે બિનજરૂરી રીતે આ પ્રકારની બાબત ઉભી કરવી યોગ્ય નથી. આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના ચુકાદાથી કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો હતો. ચુકાદો આવ્યા બાદ કોંગ્રેસે સાવધાની પૂર્વક કહ્યુ હતુ કે કોર્ટના ચુકાદામાં અભ્યાસ કરવામા આવશે ત્યાર બાદ આગળ વધવામા આવશે. પક્ષના પ્રવક્તા મનીષ તિવારે દિલ્હીમાં કહ્યુ હતુ કે ચુકાદાની નકલ મળ્યા બાદ જ આગળ વધવામાં આવશે. પછાત સમુદાયાના નેતા આર ક્રિષ્નૈયાએ હાઈકોર્ટમા અલગ અરજી દાખલ કરી પેટા ક્વોટાની રચના કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકાર ફેંકવાનો નિર્ણય કર્યો હતો.

# ૨૮૭૩ કરોડની કિંમતની ૨૫ એફડીઆઈ દરખાસ્તોને લીલીઝંડી

નવી દિલ્હી,તા. ૨૯


સરકારે આજે મોરિસિયસની એઆઈએફ-૩ની દરખાસ્ત સહિત વિદેશી સીધા મૂડીરોકાણની ૨૫ દરખાસ્તોનો લીલીઝંડી આપી હતી. આ દરખાસ્તોમાં મુંબઈ સ્થિત માઈક્રો ક્વાલ ટેકનોની દરખાસ્ત પણ સામેલ છે. કેન્દ્ર સરકારે ૨૮૭૩ કરોડની કિંમતની ૨૫ એફડીઆઈ દરખાસ્તોને લીલીઝંડી આપી હતી. નાણામંત્રાલયે નિવેદન જારી કરીને કહ્યુ છે કે આર્થિક બાબતોના સચિવ આર ગોપાલનના નેતૃત્વમાં વિદેશી મૂડીરોકાણ પ્રોત્સાહન બોર્ડ (એફઆઈપીબી)ની ભલામણ બાદ આ અરજીઓને લીલી ઝંડી આપી દીધી છે. આ નિર્ણયની શરૂઆતમાં યોજાયેલી મીટિંગમાં એફઆઈપીબી દ્વારા આઠ દરખાસ્તોને ફગાવી દેવામા આવી હતી જ્યારે ૧૩ અરજીઓ અંગે નિર્ણય મોકૂફ રાખવામા આવ્યો હતો. મંત્રાલય મુજબ એઆઈએફ-૩ સબ પ્રાઈવેટ લિમિટેડની અરજીને મંજૂરી આપવામા આવી છે. આ કંપની ભારતમાં એક હજાર કરોડનુ રોકાણ કરવાની યોજના ધરાવે છે. મોરિસિયસ સ્થિત આ કંપની ટ્રસ્ટ તરીકે રચવામાં આવેલા ફંડના યુનિટમાં વિદેશી રોકાણ કરવાની ઈચ્છા ધરાવે છે. સન ફાર્મા રિસર્ચ કંપનીની વિદેશી ઈક્વિટી ઠાલવવાની દારખાસ્ત પણ મંજૂર કરવામા આવી છે. અન્ય જે દરખાસ્તોને લીલીઝંડી આપવામા આવી છે તેમાં ગેન વર્થ ફાઈનાન્શિયલ મોર્ટગેજ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. એફઆઈપીબીની આગામી મીટિંગ શુક્રવારના દિવસે યોજાશે જેમાં અન્ય દરખાસ્તો પર ચર્ચા વિચારણ કરવામાં આવશે. ઓટોમેટિક રુટ મારફતે સેકટરો પૈકી મોટાભાગના સેકટરોમા ભારતે એફબીઆઈને મંજરી આપેલી છે. પંરતુ ટેલિકોમ જેવા ચોક્કસ સંવેદનશીલ ક્ષેત્રોમાં એફઆઈપીબીની મંજૂરી જરૂરી હોય છે.




# સિયાચીનમાં લાપતા બધા પાકના સૈનિકો મૃત જાહેર

ઈસ્લામાબાદ,તા. ૨૯

પાકિસ્તાની સેનાએ ૫૨ દિવસના લાંબા ગાળા બાદ સિયાચીન ગ્લેશિયરમાં ફસાયેલા તમામ સુરક્ષા જવાનો સહિત ૧૩૯ લોકોને મૃત જાહેર કરી દિધા છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તાએ આજે સવારે એક નિવદેન જારી કરીને આ મુજબની જાહેરાત કરી છે. આની સાથે જ બચાવ કામગીરીની હવે રોકી દેવાનો નિર્ણય




કરવામાં આવ્યો છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે તમામ પ્રકારની ખાતરી કરવામાં આવ્યા બાદ આ મુજબની જાહેરત કરાવમાં આવી રહી છે. ગયા મહિને છઠ્ઠી અને ૭મી એપ્રિલની તારીખે સિયાચીનના ગ્યારી સેક્ટરમાં બરફના તોફાનમાં નોર્ધન લાઈટ ઈન્ફેન્ટ્રી બટાલીયનના જવાનો ફસાઈ ગયા હતા. બરફના તોફાનને કુલ ૧૨૮ સૈનિકો અને ૧૧ નાગરીકો ફસાઈ ગયા હતા. સેનાએ કહ્યું છે કે મૃતદેહને શોધી કાઢવાની કવાયત બિનસત્તાવાર રીતે બંધ કરવામાં આવી નથી. બરફના તોફાનની આ ઘટના બાદ સિયાચીન ગ્લેશિયરમાંથી પાકિસ્તાને પણ તેના સૈનિકોને ખસેડી લેવા માટે નિવેદન કર્યુ હતું. જો કે ભારતે આ અંગે કોઈપણ પ્રતિક્રીયા આપી ન હતી.

# સીએમઓ હત્યાકેસના સંબંધમાં સીબીઆઈએ આજે ચાર્જશીટ દાખલ કરી

લખનૌ,તા. ૨૯

સીએમઓ હત્યાકેસના સંબંધમાં સીબીઆઈએ આજે તેની ચાર્જશીટ દાખલ કરી હતી. લખનૌના બે ચીફ મેડિકલ ઓફિસરની હત્યાના સંબંધમાં આ ચાર્જશીટ દાખલ કરાઈ છે. જેમાં હત્યા અને ફોજદારી કાવતરાના ભાગ રૂપે બે શુટરો અને એક વ્યક્તિ પર આરોપ મુકવામા આવ્યા છે. સ્પેશ્યલ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સમક્ષ દાખલ કરવામા આવેલી ચાર્જીશીટમાં એજેન્સીએ આક્ષેપ કર્યો છે કે આનંદ પ્રકાશ તિવારી અને વિનોદ શર્મા નામના બે શુટરોને હત્યાના ઈરાદાથી રોકવામા આવ્યા હતા. આ બંનેએ તત્કાલિન સીએમઓ ડૉકટર વીકે આર્યા અને બીપી સિંહને ઠાર મારી દીધા હતા. સીબીઆઈએ ચાર્જશીટમાં ત્રીજા એક શખ્સ રામકૃષ્ણ વર્મા ઉપર પણ આક્ષેપ કર્યો છે. રામકૃષ્ણ વર્માને સીએમઓની હત્યા કરવા બે શાર્પ શુટરોને રોકવાનો આરોપ મુકવામા આવ્યો છે. સીએમઓ દ્વારા એનઆરએચએમ સ્કીમમાં ભ્રષ્ટાચાર અંગે શંકા ગઈ હતી અને તેઓએ તેમની સામે તપાસ હાથ ધરી હતી. સીબીઆઈના જણાવ્યા મુજબ આ હત્યા પાછળનો મુખ્ય હેતુ નેશનલ રુરલ હેલ્થ મિશન (એનઆરએચએમ)માં ફંડની ઉચાપત ખુલ્લી પડી જશે તે અંગેની દહેશત હતી. સીબીઆઈએ હાલમાં જ ફોજદારી કાવતરાના આરોપસર આરિયાના હત્યા કેસના સંબંધમાં ભૂતપૂર્વ સીએમઓ એકે શુકલાની ધરપકડ કરી હતી. એવા સંકેત પણ મળી રહ્યા છે શુકલા પણ અન્ય ચીફ મેડીકલ ઓફિસર બીપી સિહંની હત્યામા સામેલ હોઈ શકે છે. ઓક્ટોબર ૨૦૧૦માં મોર્નિંગ વોક પર હતા ત્યારા આર્યની હત્યાકરાઈ હતી જ્યારે સિંહને ગોમતીનગરમાં ગયા વર્ષે એપ્રિલમાં ઠાર કરાયા હતા.




# ફ્રેન્ચ ઓપનમાં જોકોવિકનો પ્રથમ દોરમાં સરળ વિજય


પેરિસ,તા. ૨૯

વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી નોવાક જોકોવિકે વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં શાનદાર શરૂઆત કરી દીધી છે. નોવાક જોકોવિકે ઈટાલીના પોટીટો સ્ટારેસ પર સીધા સેટોમાં ૭-૬, ૬-૩ અને ૬-૧થી જીત મેળવી હતી. આની સાથે જ જોકોવિકે બીજા રાઉન્ડમાં આગેકુચ કરી લીધી હતી. જોકોવિકે મેચ બાદ કહ્યું હતું કે દબાણ હમેશા રહે છે. અગાઉ જે રીતે સફળતા મેળવી છે તે જોતા ચાહકોની અપેક્ષા વધી ગઈ છે. જોકોવિક હવે બીજા રાઉન્ડમાં વિશ્વના ૯૯માં ક્રમાંકિત ખેલાડી સ્લોવેનિયાના બ્લેઝ કાવસીક સામે રમશે. કાવસીકે મોટા અપસેટ સર્જીને ભુતપુર્વ વિમ્બલ્ડન ચેમ્પિયન ઉપર સીધા સેટોમાં જીત મેળવી હતી. આ મેચ ચાર સેટોમાં ચાલી હતી. ભુતપુર્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ખેલાડી હેવીટ પ્રથમ રાઉન્ડમાં હારી જતા વધુ એક અપસેટ સર્જાયો હતો. ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં જોરદાર શરૂઆત ટોંચના ખેલાડીઓ કરી ચુક્યા છે. જો કે પ્રથમ રાઉન્ડમાં અમેરિકી ખેલાડી એન્ડી રોડીકની હાર થઈ ચુકી છે. ફ્રેન્ચ ઓપનમાં આ વખતે તમામ ચાહકોની નજર નોવાક જોકોવિક, રાફેલ નડાલ અને રોજર ફેડરર ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે.

# ચૂંટણીપંચ જુનના મધ્ય સુધી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે તેનું જાહેરનામું જારી કરે તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૨૯

ચૂંટણીપંચ જુનના મધ્ય સુધી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે તેનું જાહેરનામું જારી કરે તેવી શક્યતા છે. આની સાથે જ દેશના સૌથી ટોચના હોદ્દા માટેની ચૂંટણીની પ્રક્રિયા વિધીવત રીતે શરૂ થશે. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલની અવધિ ૨૪મી જુલાઈના દિવસે પુરી થઈ રહી છે. આ સંબંધમાં ચૂંટણીપંચનું જાહેરનામું જુનના મધ્ય સુધીમાં જારી કરવામાં આવશે. ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતાં કહ્યું હતું કે છેલ્લી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે જાહેરનામું ૧૩મી જુનના દિવસે જારી કરવામાં આવ્યું હતું. ચૂંટણીપંચ આ તારીખની આસપાસ જ આ વખતનું જાહેરનામું જાહેર કરશે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે જુદી જુદી કવાયત ચાલુ છે. આગામી રાષ્ટ્રપતિ પદ માટે કોણ દાવેદાર હશે તેને લઈને તિવ્ર અટકળો ચાલી રહી છે. ઘણાં બધા નામ સપાટી ઉપર આવી ચુક્યા છે. શાસક કોંગ્રેસ અને વિપક્ષી ભાજપ હજું સુધી ઉમેદવારીના મુદ્દે કોઈ ટીપ્પણી કરી નથી. જ્યારે એનસીપીના નેતા અને ભૂતપુર્વ સ્પીકર પીએ સાંગમા ચૂંટણી મેદાનમાં ઉતરી ચુક્યા છે. નાણાંમંત્રી પ્રણબ મુખર્જીને પણ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પ્રબળ દાવેદાર ગણાવામાં આવે છે. શાસક કોંગ્રેસ તરફથી ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારી પણ ચૂંટણી મેદાનમાં છે. સાંગમાની ઉમેદવારીને તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા અને ઓરિસ્સાના મુખ્યમંત્રી નવિન પટનાયક ટેકો આપી ચુક્યા છે. તૃણમુલ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી જેવા ક્ષેત્રીય પક્ષો કોઈપણ ઉમેદવારને ટેકો આપી રહ્યા નથી. અન્ય પક્ષો સાથે કેટલાક પક્ષોની ચર્ચા ચાલી રહી છે. ૧૧ લાખ વોટના ઈલેટોરલ કોલેજમાં યુપીએ સાથી પક્ષોએ અને બીનયુપીએ પક્ષોની મદદ મેળવે તેવી શક્યતા છે.



# એર ઈન્ડિયા પાયલોટોની હડતાળ ૨૨માં દિવસો યથાવત જારી

નવી દિલ્હી,તા. ૨૯

એર ઈન્ડિયાના પાયલોટોની હડતાળ આજે ૨૨મા દિવસે પણ યથાવત રીતે જારી રહી હતી. જેથી નુકસાનનો આંકડો વધીને ૩૧૦ કરોડ સુધી પહોંચી ગયો હતો. નુકસાનના સંબંધમાં એરઈન્ડિયાના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ટિકિટો રદ થવાના કારણે ભારે નુકસાન થઈ રહ્યુ છે. બોઈંગ ૭૭૭ની વિમાનોની સેવા લેવામા આવી રહી નથી. જો કે અધિકારીઓએ આશા વ્યક્ત કરી છે કે ઓપરેશનને ટુંક સમયમાં સામાન્ય બનાવી લેવામા આવશે, બીજી જૂનથી એક દિવસમાં પાચ કરોડથી ઓછાના નુકસાનની સ્થિતિ લઈ લેવામા આવશે. ઈન્ટરનેશલ ફ્લાઈટો પર બુકિંગ સ્થિર થઈ ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે નુકસાનને ગટાડાવા હેતુસર એરલાઈને ભાડામા ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. એરલાઈન નિયમિત રીતે ૪૫ વિમાનોના બદલે હલામાં ૩૮ સર્વિસ ઓપરેટ કરી રહી છે. કોન્ટીજન્સી યોજના હેઠળ કામ ચાલી રહ્યુ છે. પાયોલોટ જુદી જુદી માંગણીને લઈને હડાતળ પર છે. આઠમી મેના દિવસો એરલાઈન્સ માટે મુશ્કેલીની શરૂઆત થઈ હતી

# પિતૃત્વ વિવાદમાં ફસોલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા તિવારીના બ્લડના સેમ્પલો લેવાયા

દહેરાદુન,તા. ૨૯

પિતૃત્વ વિવાદમાં ફંસાયેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા એનડી તિવારીના તમામ પ્રયાસો આજે નિષ્ફળ સાબિત થયા હતા. તેમના તમામ કાવા દાવા નિષ્ફળ ગયા હતા. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આજે એનડી તિવારીના બ્લડ સેમ્પલ લેવામા આવ્યા હતા. દહેરાદુનના જિલ્લા જજ, સિવિલ સર્જન, દિલ્હી હાઈકોર્ટના સબ રિજસ્ટાર અને રોહિત શેખરની હાજરીમાં તિવારની બ્લડ સેમ્પલ લેવામા આવ્યા હતા. હવે તિવારીના ડીએનએના રોહિત શેખરના ડીએનએ સાથે ભેળવવામાં આવશે. અંતિમ અહેવાલ આવામાં એક સપ્તાહનો સમય લાગી શકે છે. આજે સવારે આશરે ૧૦.૦૦ વાગે જિલ્લા જજ અને સિવિલ સર્જન મોટા કાફલા સાથે તિવારીના આવાસ ઉપર પહુંચી ગયા હતા. જિલ્લા જજની સાથે દિલ્હી હાઈકોર્ટના સબ રજિસ્ટાર હતા. આ ગાળા દરમિયાન અરજી કરનાર રોહિત શેખર અને તમની માતા ઉજવાલા શર્મા પણ તિવારીના આવાસ પર પહોંચ્ય હતા. પરંતુ સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ માત્ર અરજી કરનાર રોહિત શેખરને આવાસમાં અંદર જવાની મંજૂરી અપાઈ હતી. આ અગાઉ



સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટે તિવારીને એવી અરજીને ફગાવી દીધી હતી જેમાં તેઓએ આ વિવાદમાં કોર્ટની કાર્યવાહીને ગુપ્ત રાખવાની માંગ કરી હતી. જસ્ટિસ જીએસ સિંઘવી અને જસ્ટીસ એસજે મુખોપાધ્યાયની બનેલી બેંચની સામે તિવારીના વકીલે કહ્યુ હતુ કે રોહિત શેખર કોર્ટ કાર્યવાહીના મામલામા ગુપ્તતા રાખી રહ્યા નથી. દરેક સુનાવણી બાદ મીડિયાને માહિતી આપી રહ્યા છે. બેંચે કહ્યુ હતુ કે તેમની દલીલોથી તે સંતુષ્ટ નથી. કોર્ટ કોઈને પણ મીડિયા સાથે વાતચીત કરવાથી રોકી શકે નહી.

# મમતાના કેકેઆર સન્માન કાર્યક્રમ બાદ હિંસા ભડકી

## ભરચક ઈડન ગાર્ડનમાં પ્રવેશ કરવા મેદાનની બહાર ૩૦ હજાર લોકો એકઠા : લાઠીચાર્જ કર્યાનો પોલીસનો ઈન્કાર

કોલકતા,તા. ૨૯

આઈપીએલ ચેમ્પિયન કોલકત્તા નાઈટ રાઈડર્સના સન્માન કાર્યક્રમ બાદ ઈડન ગાર્ડન મેદાનની બહાર આજે હિંસા ભડકી ઉઠી હતી. મોટી સંખ્યામાં લોકોએ સ્ટેડિયમમાં ઘુસી જવાના પ્રયાસો કરતા આ સ્થિતી સર્જાઈ હતી. લોકો બેરીકેડ તોડીને સ્ટેડિયમમાં ઘુસી જવા તૈયારી કરી રહ્યા હતા. આશરે ૩૦૦૦૦ લોકો સ્ટેડિયમની બહાર હતા. આ લોકોને સ્ટેડિયમમાં ઘુસી જવાના પ્રયાસો કર્યા હતા. ઈડન ગાર્ડનમાં પહેલાથી જ મોટી સંખ્યામાં ચાહકો હતા. કેકેઆર ટીમ, શાહરૂખખાન અને જુહી ચાવલાની એક ઝલક મેળવવા માટે ચાહકોએ બેરેક તોડી દીધા હતા. આ બનાવમાં અનેક લોકો ઘાયલ થયા હતા. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ એમકે નારાયણન, મુખ્યપ્રધાન મમતા બેનર્જી, રેલવે પ્રધાન મુકુલ રોય સહિત રાજ્ય સરકારના અનેક પ્રધાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. જો કે પોલીસે સ્ટેડિયમની બહાર કોઈ લાઠીચાર્જનો બનાવ બન્યો હોવાનો ઈન્કાર કર્યો છે. બીજી બાજુ ઈન્ડિયન પ્રિમિયર લીગની વર્તમાન ચેમ્પિયન ટીમ કેકેઆરના સહ માલિક શાહરૂખે રોડ શોમાં ભાગ ન લેતા ચાહકો હતાશ થયા હતા. ટીમના સન્માન સાથે સંબંધિત કાર્યક્રમ એક કલાક સુધી ચાલ્યો હતો. પોલીસ સાથે ક્રિકેટ ચાહકોની ઝપાઝપી થઈ હતી. કેકેઆર ટીમના સભ્યોની ઝલક જોવા જોરદાર ઉત્સુકતા રહી હતી. કાર્યક્રમનું આયોજન કોલકત્તા મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લોકો ઉમટી પડ્યા હતા. જીતની ઉડવણીની શરૂઆત સવારે ૧૧.૧૦ વાગે શરૂ થઈ હતી. દક્ષિણ કોલકતાના હાજરાથી લઈને ઈડન ગાર્ડન સુધી માર્ગો પર ૫૦ હજારથી વધારે લોકો જમા થઈ ગયા હતા. પાંચ કિલોમીટર લાંબા માર્ગ પર ખેલાડી ખુલ્લી બસમાં હતા.

## પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

આવો રિવાજ હોઈ શકે તેવું કોઈ માનવા તૈયાર નહોતું. પણ પોતાના જેવી જ પીડા સાથે જીવતી કરોડો બાળકીઓ - સ્ત્રીઓ માટે બોલવું એને જરૂરી લાગ્યું.

આ રિવાજ આફ્રિકા ખંડમાં લગભગ ૨૮ દેશોમાં પ્રચલિત છે. આખા વિશ્વમાં નહીં નહીં તોયે ૧ કરોડ ૩૦ લાખ છોકરીઓ આ ક્રૂર રિવાજનો ભોગ બની આજીવન રિબાય છે. ત્યારે તેને નામશેષ કરવા વારિસે કમર કસી છે. વારિસ યુનોના એમ્બેસડર તરીકે વિશ્વપ્રવાસ કરે છે. 'વારિસ ડીરી ફાઉન્ડેશન'ની સ્થાપના કરી છે. પોતાની વાત રજૂ કરવા સરસ મજાનાં ત્રણ પુસ્તકો લખ્યા છે. 'ધ ડેઝર્ટ ફલાવર', 'ધ ડેઝર્ટ ડૉન' અને 'ધ ડેઝર્ટ ચિલ્ડ્રન.'

ફક્ત પોતાની સુંદરતાથી જ નહીં પણ, શરમ છોડી જંગે ચઢવાની હિંમત અને મિજાજથી ભલભલાના શ્વાસ અધ્ધર કરી દેનાર વારિસ ડીરીને સલામ!

**(સૌજન્ય - 'વારિશ - રણમાં ખીલેલું પુષ્પ' - ભાવાનુવાદ : ક્ષમા કટારિયા - ઓએસિસ પ્રકાશન.)**

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

અમિતાભ, રેખા, શ્રીદેવીનો સમય સમાપ્ત થવા આવ્યો ત્યારે જ શાહરૂખ, સલમાન, આમીર, અક્ષય, ગોવિંદાએ એમની ફિલ્મોથી છવાવા લાગ્યાં અને એજ અરસાથી લાર્જર ધેન લાઈફના ફિલ્મીકરણથી વાસ્તવવાદી હીરો - હીરોઈન રજૂ થવા લાગ્યાં. હિરો સાચાં અર્થમાં જીવતાં લોકો જેવું દેખાવાની શરૂઆત થઈ. જુહી ચાવલા અને શાહરૂખનું 'રાજુ બન ગયા જેન્ટલમેન' યાદ આવે છે. એનો હીરો સામાન્ય હતો અને ત્યાં શાહરૂખ હતો તોય એ એક સામાન્ય યુવાન જ લાગતો હતો. જુહી ચાવલા સ્ટાર હોવા છતાં એ જુહી ના દેખાતાં ચાલીમાં રહેતી, કામ કરનારી એક સામાન્ય યુવતી જ લાગતી હતી!!

સિનેમા ખરા અર્થમાં જિંદગીની આસપાસ ફરવાં લાગ્યાં. આમીર ખાન અને રાણી મુર્ખજીનું 'ગુલામ' આતી ક્યા ખંડાલા ફિલ્મ હોય કે સલમાન ખાનનું 'મૈંને પ્યાર કિયા' હોય છેલ્લાં દસ વર્ષોમાં ફિલ્મો વધારે જ વાસ્તવવાદી બનવા લાગી. કાજોલે મેકઅપના થર ચઢાવવાની મનાઈ કરી 'ઈશ્ક' કે, કરિશ્મા કપૂર 'હીરો નંબર વન' સાથે ગોવિંદા જોડે એમ જોડી જમાવે, જાણે કોઈ મુંબઈ, દિલ્હીની ફેશનેબલ અલ્લડ છોકરી હોય... મધુર ભંડારકર પાછા 'કોર્પોરેટ', 'ફેશન' જેવી વાસ્તવિકતા છતી કરતી ફિલ્મો બતાવી એ જ પરંપરાને આગળ વધારે...

એક રીતે જોઈએ તો સિનેમા વાસ્તવવાદી થયો એ ખુબ જ સારી બાબત છે. આપણું મનોરંજન કરવા સ્ટાર્સનું પોતાનું કંઈ યોગદાન બચ્યું નથી એટલે પ્રત્યેક સિનેમા અનુરૂપ અને એમાં કેરેકટર અનુસાર સ્ટાર્સના લુક અને સ્ટાઈલ, સ્ટંટ બદલાય છ!! અમિતાભ, ગોવિંદા સુધી સ્ટાઈલ સિમ્બોલ આપનારાં હિરોની જેમ આવનારી પેઢી શાહરૂખ, સલમાન, રણબીર, શાહિદ, વિવેક માટે અમુક અમુક સ્ટાઈલ કે દીપીકા, કરિના, કટરીના, પ્રિયંકા, અસીન, સોનાક્ષી... માટે આવું કંઈ ફેશન કે સ્ટાઈલ માટે કહી શકશે.એવું દેખાતું નથી, અગર ઈમેજ છોડના હૈ તો સ્ટાઈલ મેં રહેને કા...

**ચૂંટલો :**

ફિલ્મોમાં આવતી સ્ટાઈલ, કપડાં અને મેકઅપનાં ટ્રેન્ડની ફેશન કરવાની મજા અનેરી હોય છે. પણ મલ્લિકા શેરાવત કે સલમાન જેવી સ્ટાઈલ અપનાવી એમના જેવાં વસ્ત્રો પહેરીએ તો લોકોને મફતમાં મનોરંજન મળી જશે એટલું યાદ રાખવું. (ક્રમશઃ)

- hellosanjay108@gmail.com

# સંપત્તિ કેસમાં જગનમોહનના જામીન પર સુનાવણી મોકૂફ

૧૧મી જુન સુધી જ્યુડીશિયલ કસ્ટડીમાં રાખવાના કોર્ટા આદેશ બાદ જેલમા સોમવારની રાત ગાળ્યા બાદ કડાપ્પાના સાંસદ વાયએસ જગનમોહન રેડ્ડીની જામીન અરજી પર સુનાવણી આજે ૩૧મી મે સુધી મોકૂફ કરી દેવામા આવી હતી. વાયએસઆર કોંગ્રેસ પાર્ટના નેતા જગનમોહન રેડ્ડીની જામીન અરજી પર ખાસ અદાલતે આજે સુનાવણી હાથ ધરી હતી પરંતુ સુનાવણી બાદ અપ્રમાણ સંપત્તિ કેસમાં સુનાવણી ૩૧મી મે સુધી મોકુફ કરી દેવામા આવી હતી. સીબીઆઈ કોર્ટે સુનાવણી માટે નવેસરની જામીન અરજી સ્વીકારી લીધી હતી. આગામી સુનાવણી સુધી વળતી અરજી દાખલ કરવા સીબીઆઈને આદેશ કરવામા આવ્યો હતો. કોર્ટે સોમવારના દિવસે જગનમોહનની જામીન અરજી ફગાવી દીધી હતી. જગનમોહનને ચંચલગુડાની જેલમાં મોકલી દેવામા આવ્યા હતા. તેમને ખાસ કેદીનો દરજ્જો આપવામા આવ્યો હતો. આજે દાખલ કરવામા આવેલી નવેસરની અરજીમાં વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના નેતાએ એવા આધાર પર જામીનની માંગ કરી હતી કે પેટાચૂટણીમાં પક્ષ માટે તેઓ પ્રચાર કરવા માંગે છે.